પ્રતિ,
આચાર્યશ્રી,
પ્રાથમિક/માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક તમામ શાળાઓ,
અમરેલી જિલ્લો.

વિષય: જિલ્લા કક્ષાના નેશનલ ચીલ્ડ્રન્સ સાયન્સ કોગ્રસ(એન.સી.એસ.સી.)૨૦૨૩–૨૪ કાર્યક્રમ બાબત.
સંદર્ભ: પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરી પત્ર ક્રમાંક: પ્રાશિનિ/છ–૨/સંકલન/૨૦૨૩/૨૧૬૦–૨૨૧૫ તા.૨૭–૦૬–૨૩.

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી(ગુજકોસ્ટ)ડીપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી(ડી.એસ.ટી.) ગર્વમેન્ટ ઓફ ગુજરાત પ્રેરિત ડીસ્ટ્રીકટ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર, ચિલ્ડ્રન્સ મ્યુઝિયમ અને બાલભવન,અમરેલી ધ્વારા જિલ્લા કક્ષાનો નેશનલ ચિલ્ડ્રન્સ સાયન્સ કોંગ્રેસ(બાલ વૈજ્ઞાનિક પ્રતિભા શોધ) નું જિલ્લા કક્ષાનું આયોજન થનાર હોય, જેમા અમરેલી જિલ્લાની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ કેળવાય તેવા શુભહેતુસહ બહોળી સંખ્યામાં જિલ્લાના વિદ્યાર્થીઓ સહભાગીતા નોધાવે તેવો અનુરોધ કરવામાં આવે છે. વૈજ્ઞાનિક કાર્યક્રમની વિશેષ વિગતો નિચે મુજબ નિર્દિષ્ઠ કરવામાં આવેલ છે. ઉપરોક્ત એન.સી.એસ.સી. કાર્યમાં વિદ્યાર્થીઓ ધ્વારા નીચેના વિષય પર સંશોધનાત્મક અહેવાલ રજુ કરવાનો રહે છે.
મુખ્ય થીમ : " આરોગ્ય અને સુખાકારી માટે ઈકો સીસ્ટમની સમજણ"
UNDERSTANDING ECO SYSTEM FOR HEALTH & WELL-BEING)
મુખ્ય થીમ ને નીચેના પાંચ પેટા થીમ મા વિભાજીત કરવામાં આવી છે.
(૧) તમારી ઈકો સીસ્ટમને જાણો (Know your Eco System)
(૨) આરોગ્ય,પોષણ અને સુખાકારીને પ્રોત્સાહન આપવું(Fostering health, nutition & Well-being)
(૩)ઈકો સીસ્ટમ અને આરોગ્ય માટે સામાજીક અને સાંસ્કૃતિક પ્રથાઓ (Social & Cultural practices for ecosystem and health)
(૪) સ્વનિર્ભરતા માટે ઈકો સીસ્ટમ આધારીત અભિગમ (Ecosytem based approach for self- reliance)
(૫) ઈકો સીસ્ટમ અને આરોગ્ય માટે તકનીકી નવિનીકરણ (Techological innovation for ecosystem & health)

કાર્યક્રમમા સહભાગી થવા માટેના નિયમો :
(૧) ઉમર ૧૦ વર્ષ થી ૧૪ વર્ષ (જુનીયર ગૃણ), ઉમર ૧૪ ત્ર થી ૧૭ વર્ષ (સીનીયર ગૃપ) આ બન્ને ગૃપમાં વધુમા વધુ બે વિદ્યાર્થીઓની એક–એક ટીમ સહભાગી બની શકશે.
(૨) જિલ્લા કક્ષાએ યોજાનાર કાર્યક્રમમા લીડર વિદ્યાર્થી(૬) છ મીનીટનું પ્રેજન્ટેશન ચાર્ટ અને પી.પી.ટી. ધ્વારા કરી શકશે.
(૩) ઓન લાઈન રજીસ્ટેશન લીક માટે શ્રી નિલેશ કે.પાઠક, ડાયરેકટર,ડીસ્ટ્રીકટ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર,ચિલ્ડ્રન્સ મ્યુઝિયમ અને બાલ ભવન,અમરેલીનો મોબાઈલ નંબર : ૯૯૨૫૦ ૮૪૭૩૩ પર સંપર્ક કરવા અનુરોધ છે.

---

પ્રતિ,
આચાર્યશ્રી,
પ્રાથમિક/માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક તમામ શાળાઓ,
અમરેલી જિલ્લો.

ઉપરોકત વિગતાનુસાર જિલ્લાની તમામ શાળાઓના વિદ્યાર્થીઓ સરકારશ્રીના ઉપરોક્ત કાર્યક્રમમાં સહભાગી બને તે અન્વયે ગુગલફોર્મ લીકમાં શાળાઓના વિદ્યાર્થીઓનું રજીસ્ટેશન કરાવવું અનિવાર્ય રહેશે. વધુ વિગત માટે શ્રી નિલેશ કે.પાઠક, ડાયરેકટર,ડીસ્ટ્રીકટ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર,ચિલ્ડ્રન્સ મ્યુઝિયમ અને બાલ ભવન,અમરેલીનો મોબાઈલ નંબર : ૯૯૨૫૦ ૮૪૭૩૩ પર સંપર્ક કરવા અનુરોધ છે.

શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ
અમરેલી.

[redacted] પ્રાથમિક શિક્ષણ[redacted]
[redacted] સમિતિ [redacted]

DISTRICT EDUCATION OFFICER
AMRELI - CODE : 28

ક્રમાંક પ્રાશિનિ/ક-૨/સંકલન/2023/૨૨૫૦-૨૨૯૫
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા. ગાંધીનગર. તા. 30/05/2023

પ્રતિ

- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

વિષય:- રાષ્ટ્રીય બાળવિજ્ઞાન કોંગ્રેસ ૨૦૨૩ બાબત.

સંદર્ભ:- ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગરના પત્ર ક્રમાંક- GUJCOST/NCSC/ 2023-24/1762 તા. 22/05/2023

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનુ કે, સમગ્ર દેશમાં બાલવિજ્ઞાન પરિષદનું આયોજન કેન્દ્ર સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ એન.સી.એસ.ટી.સી. દ્વારા યોજવામાં આવે છે. આ રાષ્ટ્રીય બાળવિજ્ઞાન કોંગ્રેસ કાર્યક્રમ ૧૯૯૩ થી અમલમાં છે. આ પ્રોજેક્ટનો મુખ્ય હેતુ ૧૦ થી ૧૭ વય જુથના બાળકોમાં વિજ્ઞાન અને વૈજ્ઞાનિક અભિગમનો પ્રસાર કરવાનો છે. સદર પ્રોગ્રામમાં ૧૦ થી ૧૪ વર્ષ (નીચલી વય જૂથ) અને ૧૪ થી ૧૭ વર્ષ (ઉચ્ચ વય જૂથ)ના બે જૂથમાં બાળકો ભાગ લઇ શકે છે.

સદર કાર્યક્રમ માટે ગુજરાત કાઉન્સિલ એન્ડ સાયન્સ અને ટેકનોલોજી (ગુજકોસ્ટ), ગાંધીનગર જે રાજ્યનું કોર્ડિનેટર છે. વર્ષ ૨૦૨૩ નો વિષય: Understanding Ecosystem for Holth and Well Being (આરોગ્ય અને સુખાકારી માટે જીવસૃષ્ટિની સમજણ) છે અને તેના ૫ પેટા વિષયો છે. ગુજરાત રાજયના વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકો અને સંગઠનોને આ કાર્યક્રમમાં ભાગ લેવા જણાવેલ છે. આ પ્રવૃત્તિમાં નીચેની બાબતો ધ્યાને લઈ શાળાઓ ભાગ લેવાનો રહેશે.

(૧) આ કાર્યક્રમમાં બે વિદ્યાર્થીઓની એક ટીમ બનશે અને પ્રોજેક્ટ અને ટીમની નોંધણી જીલ્લાના લોક વિજ્ઞાન કેન્દ્ર ખાતે કરાવવાની રહેશે.

(૨) આ પ્રવૃત્તિમાં પસંદ કરેલ શાળાઓમાં શિક્ષક અને વિદ્યાર્થીનું નિયમ મુજબનું પ્રવાસ ભથ્થુ અને ટી.એ (ફક્ત ગુજરાત રાજ્ય પ્રવાસ પુરતા) સંસ્થા પોતાની નિયત ગ્રાન્ટમાંથી કરી શકે છે.

(૩) પસંદ કરાયેલ શિક્ષકોને આ પ્રવૃત્તિમાં જરૂરી પ્રવાસ કરવો પડે તો (ફક્ત ગુજરાત રાજ્યમાં) તે સમયને લીવ ઓન ડ્યુટી ગણવામાં આવશે.

(૪) જિલ્લા કક્ષામાંથી પસંદ થયેલ વિદ્યાર્થીઓના દરેક ટીમનો એક લીડર રાજય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે ત્યાર બાદ જો પ્રોજેક્ટ રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા માટે પસંદ થાય તો પ્રોજેક્ટનો ટીમ લીડર ભાગ લેશે.

(૫) રાજ્ય સ્તર રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધામાં ભાગ લેવા માટેનો પ્રવાસ ભથ્થું ખર્ચ ગુજકોસ્ટ દ્વારા ચૂકવવામાં આવશે.

(૬) ચાલુ વર્ષે આ પ્રવૃત્તિમાં રાજયની તમામ શાળાઓ આ કાર્યક્રમમાં ભાગ લે તે અપેક્ષીત છે. આ કાર્યક્રમ અંગે વિશેષ માહિતી મેળવવા માટે જિલ્લાના લોક વિજ્ઞાન કેન્દ્ર અથવા ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, ગુજરાત સરકાર, બ્લોક-બી, ૭ મો માળ, બહુમાળી ભવન, પથીકાશ્રમની પાસે, સેકટર-૧૧, ગાંધીનગર કચેરી, ટેલિફોન નં. (૦૭૯)-૨૩૨૫૯૩૬૨-૬૫ નો સંપર્ક કરવાનો રહેશે.

(૭) આ રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં ગુજરાતના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને શાળાઓ હંમેશ મુજબ સારો દેખાવ કરી ગુજરાતનું ગૌરવ વધારશે તેવી અપેક્ષા રાખવામાં આવે છે. તે માટે શાળાના ઉત્સાહી, શિક્ષકોને વધુ પ્રોત્સાહન મળે અને તેનો લાભ શાળાના બાળકોને મળે તે અંગેનું વતાવરણ શાળામાં ઉભુ થાય એવા પ્રયત્નો કરવાના રહેશે.

બિડાણ:- ઉપર મુજબ

(ડૉ. એમ.આઇ.જોષી)
નિયામક પ્રાથમિક શિક્ષણ
ગુ. રા. ગાંધીનગર

નકલ સવિનય રવાના:-
- માન. સચિવશ્રી, (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

નકલ રવાના:-